# 21 વિવિધ ગીતો

કલા પ્રત્યેનું આકર્ષણ બાળકમાં નૈસર્ગિક છે. હાલરડાં જેવાં ગીત એ દૈવી સરવાણી છે, માતૃત્વની કવિતા છે. જેના મૃદુ શબ્દો સાંભળતાં બાળક નિશ્ચિંત બને છે. ગુજરાતની સંસ્કૃતિ લોકનૃત્ય, ગરબા, રાસ, ગરબી, પ્રેરણા ગીત, ભજન, ભાવગીતને સાંકળે છે. રસપૂર્વકની સરળ રજૂઆત થકી સંગીત શિક્ષણનું અમૂલ્ય સાધન બની શકે.

**(1) પ્રાર્થના :** પ્રાર્થના એટલે ભાવપૂર્વકની વંદના. દિવસની શરૂઆતને પ્રકાશ તરફ લઈ જતું ગીત એટલે પ્રાર્થના. પ્રાર્થના એટલે ઈશ્વર સુધી પહોંચવાનો ટૂંકો રસ્તો. પ્રાર્થના મનને એકાગ્રતા અને ગ્રહણશક્તિને બળ આપે છે. ધાર્મિક સંસ્કારોનું સિંચન પ્રાર્થના દ્વારા થાય છે. પ્રાર્થના દ્વારા સમૂહભાવના તેમજ ઐક્ય કેળવાય છે.

**(2) ભજન :** ભજન એટલે ઈશ્વરને ભજવું. તેમની લીલાઓનું વર્ણન ભક્તિભાવથી ભરપૂર હોય છે. ભજનો ભજની ઠેકા, કહરવા, ખેમટા અને દીપચંદી તાલમાં સવિશેષ સ્વરબદ્ધ રીતે એકતારા, મંજીરા, ઢોલક અને તબલાં સાથે ભક્તિભાવથી ગવાય છે. નરસિંહ મહેતા, મીરાંબાઈ, કબીર, તુલસીદાસ, સુરદાસ અને બ્રહ્માનંદ સ્વામીનાં પ્રાચીન ભજનો પ્રચલિત છે.

**(3) પ્રકૃતિગીત :** પ્રકૃતિનાં વિભિન્ન અંગોને લઈને વિવિધ રીતે રજૂ થતું ગીત પ્રકૃતિગીત કહેવાય છે. જેમાં માનવીની જીવનશૈલીથી લઈને કુદરતી સૌંદર્ય સામેલ હોય છે. ટૂંકમાં, પર્યાવરણની આકૃતિને શબ્દમાં ઢાળવી એટલે પ્રકૃતિગીત.

**(4) દેશભક્તિગીત :** રાષ્ટ્રપ્રેમ, સમર્પણ અને ખુમારી અંગેનાં ગીતો એટલે દેશભક્તિગીત. દેશની આન બાન શાન ઉજાગર કરતાં ગીતો એટલે દેશભક્તિગીત. વીરતા અને શૌર્યતાના ભાવથી ભરેલાં દેશભક્તિ ગીતોમાં શૌર્યગીત, કૂચગીત, પરેડગીત, રાષ્ટ્રગીત, રાષ્ટ્રગાન વગેરે ગીતોનો સમાવેશ થાય છે.

**(5) ધૂન :** ઈશ્વરના નામનું પુનરાવર્તિત થતું ટૂંકું પદ. જે મોટેભાગે ચલતીના તાલમાં ગવાય છે. જેમાં ગાનારા અને સાંભળનારા બંને સહભાગી થાય છે. જેનાથી વાતાવરણ આનંદવિભોર બને છે.

**(6) ભાવગીત :** જે ગીત સામુદાયિક ભાવનાને પ્રગટ કરે તેવાં ગીતને ભાવગીત કહે છે. જેમાં મુખ્યત્વે લોકકલ્યાણ અને ઐક્યની ભાવના રહેલી છે.

**(7) પ્રેરણાગીત :** મનુષ્યને જીવન જીવવાની કળાનું માર્ગદર્શન અને બોધની પ્રેરણા આપતું ગીત એટલે પ્રેરણાગીત.

**(8) સ્વાગતગીત :** આતિથ્ય સત્કાર માટે ગાવામાં આવતા ગીતને સ્વાગતગીત કહે છે.

**(9) લોકગીત :** લોકો દ્વારા રચાયેલાં પરંપરાગત રીતે ગવાતાં ગીતોને લોકગીત કહે છે. જે માંગલિક પ્રસંગો, તહેવારો, વાવણી, લણણી, ઋતુ પ્રમાણે લોકમુખે ગવાય છે. લોકગીતમાં તળપદી બોલીનો પ્રયોગ થાય છે.

**(10) ગરબા :** ગરબા શક્તિપૂજા તથા સ્તુતિ માટે ગાવામાં આવે છે. ગરબો સ્ત્રીપ્રધાન છે. ગુજરાતની આગવી ઓળખ છે. ગરબાના વિવિધ પ્રકાર છે જેવા કે માંડવી, બાજોઠ, તાળી, ચપટી.

**(11) રાસ :** મુખ્યત્વે રાધા-કૃષ્ણની લીલાઓનું વર્ણન જેમાં હોય. તેવાં ગીત-નૃત્યના સંયોજનને રાસ કહેવામાં આવે છે. ક્યારેક રાસમાં 'લોકગીત'નો પણ સમાવેશ થાય છે.

# પ્રાર્થના-ધૂન

## મંદિર તારું...

મંદિર તારું વિશ્વ રૂપાળું
સુંદર સરજનહારા રે;
પળ પળ તારાં દરશન થાયે
દેખે દેખણહારા રે.
નહિ પૂજારી નહિ કોઈ દેવા
નહિ મંદિરને તાળાં રે;
નીલગગનમાં મહિમા ગાતા
ચાંદો સૂરજ તારા રે.
વર્ણન કરતાં શોભા તારી,
થાક્યા કવિગણ ધીરા રે;
મંદિરમાં તું ક્યાં છુપાયો,
શોધે બાળ અધીરા રે.
મંદિર તારું...

**ધૂન**

વિઠ્ઠલ વિઠ્ઠલ વિઠ્ઠલા
હરિૐ વિઠ્ઠલા
કોણે કોણે દીઠેલા
હરિૐ વિઠ્ઠલા
શબરીબાઈએ દીઠેલા
હરિૐ વિઠ્ઠલા

## ૐ તત્સત્ શ્રી...

ૐ તત્સત્ શ્રી નારાયણ તું,
પુરુષોત્તમ ગુરુ તું,
સિદ્ધ બુદ્ધ તું, સ્કંદ વિનાયક,
સવિતા પાવક તું
બ્રહ્મ મજ્દ તું, યહ્વ શક્તિ તું,
ઈશુ પિતા પ્રભુ તું,
રુદ્ર વિષ્ણુ તું, રામ કૃષ્ણ તું,
રહીમ તાઓ તું.
વાસુદેવ, ગો વિશ્વરૂપ તું,
ચિદાનંદ હરિ તું.
અદ્વિતીય તું, અકાલ નિર્ભય,
આત્મલિંગ શિવ તું.

**ધૂન**

રામકૃષ્ણ હરિ મુકુંદ મુરારિ,
પાંડુરંગ પાંડુરંગ પાંડુરંગ હરિ

## અમે નાનાં નાનાં....

અમે નાનાં નાનાં બાળ
સૌ ભગવાનનાં... અમે...
અમે હસતાં રમતાં
ગીતો ગાતાં તાનમાં... અમે...
રોજ સવારે, સ્નાન કરીને
માત-પિતાને નમન કરીને
ગુરુ-ચરણોમાં આવતાં... (2) અમે...
સરસ્વતીનું મંદિર આ છે,
સુંદર રૂડાં ફૂલ ખીલ્યાં છે,
ફૂલડાં રૂડાં બાગનાં...(2) અમે...
આવ્યાં અહીંયાં એક જ આશે,
વિદ્યાદેવી તારી પાસે,
દે જે વિદ્યા દાનમાં... (2) અમે...

**ધૂન**

ગોવિંદ બોલો હરિ ગોપાલ બોલો (2)
રાધારમણ હરિ ગોવિંદ બોલો.
ગોવિંદ બોલો હરિ ગોપાલ બોલો (2)
રાધારમણ હરિ ગોપાલ બોલો.

## તુમ્હી હો માતા...

તુમ્હી હો માતા, પિતા તુમ્હી હો,
તુમ્હી હો બંધુ સખા તુમ્હી હો.
તુમ્હી હો સાથી તુમ્હી સહારે,
કોઈ ન અપના સિવા તુમ્હારે.
તુમ્હી હો નૈયા, તુમ્હી ખેવૈયા,
તુમ્હી હો બંધુ સખા તુમ્હી હો.
જો ખિલ સકે ના વો ફૂલ હમ હૈ,
તુમ્હારે ચરણોં કી ધૂલ હમ હૈ.
દયા કી દૃષ્ટિ સદા હી રખના,
તુમ્હી હો બંધુ સખા તુમ્હી હો.

**ધૂન**

સાચી વાણીમાં શ્રીરામ,
સાચા વર્તનમાં શ્રીરામ,
જનસેવામાં પામીશું,
પ્યારા રામ રામ રામ.

## હે જગત્રાતા...

હે જગત્રાતા વિશ્વવિધાતા
હે સુખ શાન્તિ નિકેતન હે !
પ્રેમ કે સિંધુ દીન કે બંધુ,
દુઃખ દરિદ્ર વિનાશન હે !
નિત્ય અખંડ, અનંત, અનાદિ
પૂરણ બ્રહ્મ સનાતન હે !
જગ આશ્રય, જગપતિ જગવંદન!
અનુપમ અલખ નિરંજન હે !
પ્રાણ સખા ત્રિભુવન પ્રતિપાલક
જીવન કે અવલંબન હૈ !

### ધૂન

શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારિ,
હે નાથ નારાયણ વાસુદેવ.
એક માત સ્વામી સખા હમારે
હે નાથ નારાયણ વાસુદેવ.

## ઓ કરુણાના કરનારા...

ઓ કરુણાના કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી,
ઓ સંકટના હરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી.
મેં પાપ કર્યાં છે એવાં, હું ભૂલ્યો તારી સેવા,
મારી ભૂલોના ભૂલનારા, તારી કરુણાનો કોઈ પાર નથી.
હું અંતરમાં થઈ રાજી, ખેલ્યો છું અવળી બાજી.
અવળી-સવળી કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી.
હે પરમકૃપાળુ પ્યારા, મેં પીધા વિષના પ્યાલા
વિષને અમૃત કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી.
મને જડતો નથી કિનારો, મારો ક્યાંથી આવે આરો
મારા સાચા ખેવન હારા, તારી કરુણાનો કોઈ પાર નથી.

### ધૂન

રઘુપતિ રાઘવ રાજારામ, પતિતપાવન સીતારામ
સીતારામ સીતારામ ભજ પ્યારે તું સીતારામ ... રઘુપતિ
ઈશ્વર અલ્લાહ તેરો નામ, સબકો સન્મતિ દે ભગવાન ... રઘુપતિ
જય રઘુનંદન જય સીયારામ, જાનકી વલ્લભ સીતારામ ... રઘુપતિ

## ભજન

### વૈષ્ણવજન તો...

વૈષ્ણવજન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે...
સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ કાછ મનનિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે.
સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે.
મોહ માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામ શું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે.
વણલોભી ને કપટરહિત જે ... કામક્રોધ નિવાર્યા રે;
ભણે નરસૈંયો તેનું દર્શન કરતાં, કુળ ઈકોતેર તાર્યા રે...

### પ્રભુ તારું ગીત...

પ્રભુ તારું ગીત મારે ગાવું છે,
પ્રેમનું અમૃત પાવું છે,
પ્રભુ તારું ગીત મારે ગાવું છે. પ્રભુ...
આવે જીવનમાં તડકા ને છાયા,
માગું છું પ્રભુ તારી જ માયા,
ભક્તિના રસમાં ન્હાવું છે. પ્રભુ...
ભવસાગરમાં નૈયા ઝુકાવી,
ત્યાં તો અચાનક આંધી ચડી આવી,
સામે કિનારે મારે જાવું છે. પ્રભુ...
તું વીતરાગી, હું અનુરાગી,
તારા ભજનની રટ મને લાગી,
પ્રભુ તારા જેવા મારે થાવું છે. પ્રભુ...

### રંગાઈ જાને...

રંગાઈ જાને રંગમાં તું રંગાઈ જાને રંગમાં
સીતારામ તણા સતસંગમાં, રાધેશ્યામ તણા તું રંગમાં
રંગાઈ જાને...
આજે ભજશું, કાલે ભજશું, ભજશું સીતારામ,
ક્યારે ભજશું રાધેશ્યામ (2)

શ્વાસ ખૂટશે, નાડી તૂટશે

પ્રાણ નહીં રહે તારા અંગમાં... રંગાઈ જાને...

જીવ જાણતો ઝાઝું જાજું જીવશું, મારું છે આ તમામ

પહેલાં અમર કરી લઉં નામ (2)

તેડું આવશે, જમનું જાણજે (2)

જાવું પડશે સંગમાં... રંગાઈ જાને...

સૌ જીવ કહેતા, પછી જપીશું પહેલા મેળવી લોને દામ

રહેવાના કરી લો કામ (2)

પ્રભુ પડ્યો છે એમ, ક્યાં રસ્તામાં (2)

સૌ જન કહેતાં વ્યંગમાં... રંગાઈ જાને...

ઘડપણ આવશે, ત્યારે જપીશું પહેલાં, ઘરનાં કામ તમામ,

પછી ફરશું તીરથધામ (2)

આતમ એક'દી, ઊડી જાશે (2)

શરીર રહેશે પલંગમાં... રંગાઈ જાને...

બત્રીસ ભાતનાં ભોજન જમતાં ભેળી કરીને ભામ,

એમાં ક્યાંથી સાંભળે રામ (2)

દાન-પુણ્યથી દૂર રહ્યો તું (2)

ફોગટ ફરે છે ઘમંડમાં... રંગાઈ જાને....

રંગ રાગમાં, ક્યારે રંગાશે, રહી જાશે આમ ને આમ

માટે ઓળખ તું આતમરામ (2)

બાબા આનંદ હરિ ઓમ્ અખંડ છે. (2)

ભજતું શિવની સંગમાં... રંગાઈ જાને...

**જય ગણેશ દેવા...**

જય ગણેશ જય ગણેશ જય ગણેશ દેવા

માતા જાકી પારવતી પિતા મહાદેવા.

એક દંત દયાવંત ચારભુજા ધારી

માથે પર તિલક સોહે મૂષ કી સવારી

પાન ચઢે, ફૂલ ચઢે, ઓર ચઢે મેવા

લડુઅન કા ભોગ લગે, સંત કરે સેવા

જય ગણેશ...

અંધન કો આંખ દેત, કોઢિન કો કાયા

બાંઝન કો પુત્ર દેત, નિર્ધન કો માયા

સૂર શામ શરણ આયે, સફલ કિજે સેવા

માતા જાકી પારવતી પિતા મહાદેવા

જય ગણેશ...

### ક્રિષ્ણ કનૈયાની મોરલી

મને ક્રિષ્ણ કનૈયાની મોરલી ગમે...
મને યશોદાના લાલની મોરલી ગમે...
એ તો રાત દિવસ મારા મનમાં વસી (2)

મને ક્રિષ્ણ...

વ્હાલે વનમાં તે મોરલી વગાડી હતી,
એણે સૂતી ગોપીને જગાડી હતી,

મને ક્રિષ્ણ...

વ્હાલે મોરલીમાં એવું શું જાદુ ભર્યું,
એણે આખા ગોકુળને ઘેલું કર્યું,

મને ક્રિષ્ણ...

મીરાં મસ્ત બની સાધુ સંગમાં રે,
એ તો વઈ ગઈ રણછોડજીના રંગમાં રે,

મને ક્રિષ્ણ...

## પર્યાવરણ-પ્રકૃતિગીત

### ધીમે ધીમે આવજે...

ધીમે ધીમે ધીમે ધીમે આવજે પવન

ચૂંદડી અમારી ઊડી ઊડી જાય.

કેસરિયા રંગની ચૂંદડી અમારી,

જાણે સંધ્યાની ઊઘડતી બારી.

મંદ મંદ ગીત તું ગાજે પવન... ચૂંદડી...
ઝૂમે છે ફૂલડાં ને ઝૂમે છે ડાળીઓ,

ફરફરતાં પાંદડાં પાડે છે તાળીઓ

મલકંતી માલતી રિજાવજે પવન... ચૂંદડી...
તારો મધુર સૂર ડુંગરની ધારે

મસ્ત બની ઘૂમતો નદીઓને આરે

કોયલનો કંઠ તું સુણાવજે પવન... ચૂંદડી...
રંગ નહીં, અંગ નહીં, તું તો દેખાય નહીં,

તારા તે ગીતથી હૈયું ધરાય નહીં,

ફૂલોની સુરભિ ફેલાવજે પવન... ચૂંદડી...

**કવિ : મહેન્દ્રભાઈ જોષી**

## તારે મેહુલિયા...

તારે મેહુલિયા કરવાં તોફાન
અમારા લોકોના જાય છે જાન.
મંડ્યો મંડ્યો તું મુશળધાર,
કેમ કરી જાવું મારે નિશાળ.
ચંપલ મારી છબછબ થાય,
ધોયેલાં કપડાં મારાં બગડી જાય.
કેળાંની છાલથી લપસી પડાય,
ત્યારે તો ભાઈ મને કાંઈ-કાંઈ થાય.
અવળા ને સવળા વાયરા વાય,
ઓઢેલી છત્રીનો કાગડો થાય.
દોડે મોટરની હારોહાર,
ખસવું પડે મારે વારંવાર.

## તરુનો આભાર...

તરુનો બહુ આભાર જગત પર તરુનો બહુ આભાર
જગત પર તરુનો બહુ આભાર.
ફૂલો આપે ફળ બહુ આપે, ગાડેગાડાદિ પણ આપે,
છાયાને વિસામો આપે પંખીનો આધાર
જગત પર તરુનો બહુ આભાર...તરુનો ...
કાપો તોયે કોપ ન કરતું સુકાઈ જાતે બળતણ દેતું,
ઈમારતોનું લાકડું દેતું ઘરનો રાજ સંભાર,
જગત પર તરુનો બહુ આભાર...તરુનો...
કઠિયારાની એ પર રોજી સુથારની એ મોટી પૂંજી,
પૃથ્વી માટે વાદળ ખેંચી વરસાવે જળધાર.
જગત પર તરુનો બહુ આભાર... તરુનો...
તરુઓની શિખામણ એવી સૌ જીવોની સેવા કરવી,
તડકો વેઠી છાયા દેવી કરવો પરઉપકાર
જગત પર તરુનો બહુ આભાર... તરુનો...

## (ભાવગીત)

### મૈત્રીભાવનું...

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે.
ગુણથી ભરેલાં ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે,
એ સંતોનાં ચરણ કમલમાં, મુજ જીવનનું અર્ઘ્ય રહે.
દીન, ક્રૂર ને ધર્મ વિહોણા, દેખી દિલમાં દર્દ રહે,
કરુણા ભીની આંખોમાંથી અશ્રુનો શુભ સ્રોત વહે.
માર્ગ ભૂલેલા જીવનપથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું,
કરે ઉપેક્ષા એ મારગની, તોયે સમતા ચિત્ત ધરું.
ચિત્રભાનુની ધર્મભાવના, હૈયે સહુ માનવ લાવે,
વેર-ઝેરનાં પાપ તજીને, મંગલ ગીતો એ ગાવે.

– **'ચિત્રભાનુ'**

### એક જ અરમાન...

એક જ અરમાન છે મને,
મારું જીવન સુગંધી બને !
ફૂલડું બનું કે ભલે ધૂપસળી થાઉં,
આશા છે સામગ્રી પૂજાની થાઉં;
ભલે કાયા આ રાખ થઈ શમે ! મારું...
તડકા-છાંયા કે વા વર્ષાના વાયા,
તોયે કુસુમો કદી ના કરમાયા;
ઘાવ ખીલતાં ખીલતાં એ ખમે ! મારું...
જગની ખારાશ બધી ઉરમાં સમાવે,
તોયે સાગર મીઠી વર્ષા વરસાવે;
સદા ભરતી ને ઓટમાં રમે ! મારું...
વાતાવરણમાં સુગંધ ના સમાતી,
જેમ જેમ સુખડ ઓરસિયે ઘસાતી;
પ્રભુ-કાર્યે ઘસાવું ગમે ! ... મારું...
ગૌરવ મહાન છે પ્રભુ-કાર્ય કેરું,
ના જગમાં કામ કોઈ એથી અદકેરું;
પાર્થ તેથી પ્રભુને ગમે ! ... મારું...

**સૌનું કરો કલ્યાણ !**

સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ !

સૌનું કરો કલ્યાણ...

માણસ, પશુ પંખીની સાથે,

જીવજંતુનું તમામ... દયાળુ પ્રભુ

જગના વાસી સૌ સુખ ભોગવે,

આનંદ આઠે ધામ...દયાળુ પ્રભુ

દુનિયા દર્દ દુષ્કાળ પડે નહીં,

લડે નહીં કોઈ ગામ...દયાળુ પ્રભુ

સર્વે જગે સુખાકારી વધે ને

વળી વધે ધન ધાન્ય...દયાળુ પ્રભુ

કોઈ કોઈનું બૂરું ન ઇચ્છે,

સૌનું ઇચ્છે કલ્યાણ...દયાળુ પ્રભુ

પોતપોતાના ધર્મ પ્રમાણે

સૌ ભજે ભગવાન...દયાળુ પ્રભુ

**એક જ ડાળનાં...**

એક જ ડાળનાં પંખી, અમે સહુ એક જ ડાળનાં પંખી

વિહરીએ કદી આભમાં ઊંચે; ઊડી ઊડી કદી આવીએ નીચે,

કિલ્લોલ કરતાં રહેતાં ઉમંગી... એક જ...

સુખમાં ને દુઃખમાં સાથે જ રહીએ,

લઢીએ વઢીએ, કદી જુદાયે થઈએ;

તોયે નિરંતર રહેતાં સંપી... એક જ...

ધરતીને ખોળે બાળ અમે સહુ,

કરીએ કુદરત ગાન અમે સહુ,

જીવન કેરા પ્રવાસના પંથી... એક જ...

**પ્રેરણા ગીત**

**ઊઠ જાગ મુસાફિર...**

ઊઠ જાગ મુસાફિર ભોર ભઈ,

અબ રૈન કહાઁ જો સોવત હૈ,
જો સોવત હૈ સો ખોવત હૈ,
જો જાગત હૈ સો પાવત હૈ... ઊઠ...
ટૂક નીંદ સે અખિયાં ખોલ જરા,
ઓ ગાફિલ રબ સે ધ્યાન લગા,
યહ પ્રીત કરન કી રીત નહીં,
રબ જાગે હૈ તૂ સોવત હૈ,...ઊઠ...
અથ જાન, ભુગત કરની અપની,
ઓ પાપી, પાપ મેં ચેન કહાઁ ?
જબ પાપ કી ગઠરી શિષ ધરી,
ફિર શિશ પકડ ક્યું રોવત હૈ,...ઊઠ...
જો કાલ કરે સો આજ કરલે,
જો આજ કરે સો અબ કરલે,
જબ ચિડિયાંને ચૂગ ખેત લીયા,
ફિર પછતાયે ક્યા હોવત હૈ...ઊઠ...

**મનુષ્ય તૂ બડા મહાન હૈ**

ધરતી કી શાન તૂ હૈ પ્રભુ કી સંતાન
તેરી મુઠ્ઠીઓંમેં બંધ તૂફાન હૈ રે
મનુષ્ય તૂ બડા મહાન હૈ ભૂલ મત
મનુષ્ય તૂ બડા મહાન હૈ
તૂ જો ચાહે પર્વત-પહાડોં કો ફોડ દે
તૂ જો ચાહે નદિયોં કે મુખ કો ભી મોડ દે
તૂ જો ચાહે માટી સે અમૃત નિચોડ દે
તૂ જો ચાહે ધરતી કો અંબર સે જોડ દે
અમર તેરે પ્રાણ મિલા તુજ કો વરદાન
તેરી આત્માયે સ્વયં ભગવાન હૈ રે
મનુષ્ય...
નયનોં મેં જ્વાલ, તેરી ગતિ મેં ભૂચાલ
તેરી છાતી મેં છીપા મહાકાલ હૈ
પૃથ્વી કે લાલ તેરા હિમગિરી સા ભાલ

તેરી ભૃકુટિ મેં તાંડવ કા તાલ હૈ
નિજ કો તુ જાન જરા શક્તિ પહેચાન
તેરી વાણી યે યુગ કા આહ્‌વાન હૈ રે...
મનુષ્ય...
ધરતી સા ધીર તૂ હૈ અગ્નિ સા વીર
તૂ જો ચાહે તો કાલ કો ભી થામ લે
પાપોં કા પ્રલય રુકે પશુતા કા શીશ ઝૂકે
તૂ જો અગર હિંમત સે કામ લે
ગુરુ સા મતિમાન પવન સા તૂ ગતિમાન
તેરી નભ સે ભી ઊંચી ઉડાન હૈ રે
મનુષ્ય...

**કવિ - ભરત વ્યાસ**

## ગુજરાત ગૌરવ ગાન

જય સોમનાથ, જય દ્વારકેશ, જય બોલો વિશ્વના નાથની,
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશ ગાથા ગુજરાતની
આ ગુણવંતી ગુજરાતની, જય જય ગરવી ગુજરાતની
જય સોમનાથ, જય દ્વારકેશ...
ભક્ત સુદામા અને કૃષ્ણના, **મૈત્રીભાવ ભુલાય નહિ** (2)
વૈષ્ણવજન તો તેને રે કહીએ, **નરસૈંયો વિસરાય નહિ** (2)
જય દત્ત દિગંબર ગિરનારી, આ.આ.આ.આ.
જય દત્ત દિગંબર ગિરનારી, જય મહાવીર દાતારની
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશ ગાથા ગુજરાતની
આ ગુણવંતી ગુજરાતની, જય જય ગરવી ગુજરાતની
જય સોમનાથ, જય દ્વારકેશ...
હિન્દુ, મુસ્લિમ, શીખ, પારસી, **હળીમળી સૌ કાર્યો કરે** (2)
સૃષ્ટિને ખૂણે ખૂણે, **ગુજરાતી જન વ્યાપાર કરે** (2)
જય સહજાનંદ, જય જલારામ આ..આ..આ..આ..
જય સહજાનંદ, જય જલારામ જય બોલો કાલિકા માતની,
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશ ગાથા ગુજરાતની

આ ગુણવંતી ગુજરાતની જય જય ગરવી ગુજરાતની
જય સોમનાથ, જય દ્વારકેશ..

**કવિ શ્રી રમેશ ગુપ્તા**

## ભડ સેનાની

હું ભારતનો ભડ સેનાની, સેનાની.
હું ભારતનો ભડ સેનાની.
કદમ કદમ સાહસ ઊભરાતું, શોણિતમાં ઊછળે મરદાની,
હું ભારતનો ભડ સેનાની.
હું ભારતનો ભડ સેનાની.
હું ભારતનો ભડ સેનાની.
હું ઝંઝાનો સુસવાટો છું, હું સાગરનો ઘુઘવાટો છું,
હું પહાડોનો પડકારો છું, હું દુશ્મનનો થડકારો છું,
હું સ્વતંત્રતાની છું કુરબાની-હું ભારતનો ભડ સેનાની.
હું અચલ હિમાચલ શિલા છું, હું ગંગતરંગની લીલા છું,
હું માનવતાનો ચાહક છું, પણ શત્રુદળનો દાહક છું,
હું સમરાંગણનો છું અરમાની-હું ભારતનો ભડ સેનાની.
હું ગગન ગરુડની પાંખો છું, હું અંધકારની આંખો છું,
હું ખડતલ સફર પ્રવાસી છું, હું દરિયાલાલ ખલાસી છું,
છું ત્રિરંગા સઢનો હું સુકાની-હું ભારતનો ભડ સેનાની.
હું શ્રમદીપકનો જ્યોતિ છું, હું પરસેવાનું મોતી છું,
અહીં ભંડારો છલકાઈ જશે, અહીં અન્નપૂર્ણા મલકાઈ જશે,
નવ પરાવલંબન સહુ સ્વમાની – હું ભારતનો ભડ સેનાની.

**– બાલમુકુંદ દવે**

## નૌજવાન આઓ રે

નૌજવાન આઓ રે ! નૌજવાન ગાઓ રે,
લો કદમ મિલાઓ રે, લો કદમ બઢાઓ રે... નૌ
એ વતન કે નૌજવાન, ઈસ ચમન કે બાગવાન,
એક સાથ બઢ ચલો, મુશ્કિલોં સે લડ ચલો
ઈસ મહાન દેશ કો નયા બનાઓ રે... નૌ
ધર્મ કી દુહાઈયાં, પ્રાંત કી જુદાઈયાં
ભાષા કી લડાઈયાં, પાટ દો યે ખાઈયાં

એક માં કે લાલ, એક નિશાં ઉઠાઓ રે... નૌ
એક બનો નેક બનો, ખુદ કી ભાગ્ય રેખ બનો
સદ્ગુણોં કે તુમ હો લાલ, તુમસે યહ જગત નિહાલ
શાંતિ કે લિયે જહાં કો તુમ જગાઓ રે.. નૌ
માં નિહારતી તુમ્હેં, માં પુકારતી તુમ્હેં
શ્રમ કે ગીત ગાતે જાઓ, હંસતે મુશ્કરાતે જાઓ
કોટિ કંઠ એકત પંદરમી ઑગસ્ટ કે ગાન ગાઓ રે.. નૌ

**તાલ-કહરવા**

પંદરમી ઑગસ્ટ આવી પંદરમી ઑગસ્ટ
લોકરાજને આંગણ લાવી પંદરમી ઑગસ્ટ
પંદરમી...
ગુલામીનાં બંધન તોડી આઝાદીનાં ગાન ગાતી
ઘર ઘરમાં આનંદ જગાવી સ્વતંત્રતાનો દિન લાવી
પંદરમી...
નાચો કૂદો ખેલો ગાઓ વીરોની જય ગાથા ગાઓ
એક સાથ સૌ કદમ મિલાવો, સાથ મળી સૌ ગાઓ.
પંદરમી...
નમન કરો ગાંધી બાપુને, નમન કરો સૌ શહીદ જનોને
નમન કરો ભારત માતાને, નમન હો પંદરમી ઓગષ્ટ
પંદરમી...

**હમ ભારત મા કે...**

હમ ભારત મા કે લાલ (2)
કૌન ડરાનેવાલા હમકો
આંખ દિખાનેવાલા હમકો
યુદ્ધભૂમિમેં લડતે લડતે
કૌન હરાનેવાલા હમકો (2)
વીરોં કા યે દેશ હમારા
પ્યારા હિંદોસ્તાં હમારા
દેની પડે યે જાંભી અગર તો
કુરબાં હૈ યે તનમન સારા (2)
અપને બલપે ચમકા દેંગે

હમ અપની ધરતી કા ભાલ
અમર રહે યે દેશ હમારા
અમર રહે યે હિંદોસ્તાં (2)
રામક્રિષ્ણ કી પુણ્ય ધરા પર
સુંદર હમકો સ્વર્ગ બનાના
ભેદભાવ ના કિસીસે રખના
હમકો હૈ ઈતિહાસ બનાના (2)

**મેરે દેશ કી ધરતી**

મેરે દેશ કી ધરતી સોના ઉગલે ઉગલે હીરે મોતી
મેરે દેશ કી ધરતી...
બૈલોં કે ગલે મેં જબ ઘૂંઘરું જીવન કા રાગ સુનાતે હૈ
ગમ કોસોં દૂર હો જાતા હૈ, ખુશિયોં કે કંવલ મુસ્કાતે હૈં
સુનકે હી રહટ કી આવાઝે, યું લગે કહીં શહનાઈ બજે
આતે હી મસ્ત બહારોં કે, દુલ્હન કી તરહ હર ખેત સજે
મેરે દેશ કી ધરતી...
જબ ચલતે હૈ ઈસ ધરતી પે, હલ મમતા અગડાઈયાં લેતી હૈ
ક્યું ન પૂજે ઈસ માટી કો જો જીવન કા સુખ દેતી હૈ
ઈસ ધરતી પે જિસને જનમ લિયા, ઉસને હી પાયા પ્યાર તેરા
યહાં અપના પરાયા કોઈ નહીં, હૈ સબ પે માં ઉપકાર તેરા
મેરે દેશ કી ધરતી...
યહ બાગ હૈ ગૌતમ નાનક કા, ખિલતેં હૈ ચમન કે ફૂલ યહાં
ગાંધી સુભાષ... (2) ટૈગોર, તિલક, ઐસે હૈ ચમન કે ફૂલ યહાં
રંગ હરા હરિસિંગ લવેસે, રંગ લાલ હૈ લાલ બહાદુર સે
રંગ બના બસંતી ભગતસિંહ, રંગ અમન કબીર જવાહર સે
મેરે દેશ કી ધરતી...

**શૌર્યગીત**

ચાલો ચાલો ભારતવાસી, **થઈ જાઓ તૈયાર** (2)
કમર કસીને ચાલો જઈએ, પુણ્યભૂમિ પગથાર,
થઈ જાઓ તૈયાર ચાલો...
લોકશાહી લો લઈ આવી છે, **લોકો માટે તાજ** (2)
સાચવજો સૌ ધર્મ સમજી, **સ્વાતંત્ર્યતાનો અવાજ** (2)
થઈ જાઓ તૈયાર, ચાલો...

ઊંચે ઊંચે લ્હેરાવો ધ્વજ, **ભારતના સંતાન** (2)
સ્વાતંત્ર્યતાના શૌર્ય સૂરમાં, **ઘૂમો રણમેદાન** (2)
થઈ જાઓ તૈયાર, ચાલો...
તારું મારું છોડી દઈને, **ત્યજીયે વાદ વિવાદ** (2)
એક અવાજે સમરાંગણમાં, **કૂદી પડીએ સાથ** (2)
થઈ જાઓ તૈયાર, ચાલો...

## હિંદ દેશ કે...

હિંદ દેશ કે નિવાસી સભી જન એક હૈ
રંગરૂપ વેશ ભાષા ચાહે અનેક હૈં
બેલા ગુલાલ જૂહી ચંપા ચમેલી (2)
પ્યારે-પ્યારે ફૂલ ગૂંથે માલા મેં એક હૈં (2) હિંદ દેશ કે
કોયલ કી કૂક ન્યારી પપીહે કી ટેર પ્યારી (2)
ગા રહી તરાના બુલબુલ રાગ મગર એક હૈ (2) હિંદ દેશ...
ગંગા-યમુના બ્રહ્મપુત્ર કૃષ્ણા કાવેરી (2)
જાકે મિલ ગઈ સાગર મેં હુઈ સબ એક હૈં (2) હિંદ દેશ...

## શૌર્યગીત

આઝાદી કી ખુલી હવા મેં નિકલે સીના તાન કે
હમ બાલક ભારત માતકે (2)
પઢ-લિખકર હોંશિયાર બનેંગે, કરેંગે દેશ કી સેવા
ગુણીજનોકો યહ દિખલાયે
હમ સેવાકા મેવા, આઝાદીકી...
દો પચ્ચીસી બીત ચૂકી હૈ, આગે યુગ હૈ રચા નયા
હમ મેં આશા ભરી પડી હૈ
કરેંગે હમ જયજયકાર, આઝાદીકી...
યહી હમારી શાંત ભૂમિ હૈ, વિશ્વશાંતિ જગાએંગે
ઈસ મિટ્ટી મેં જનમ લિયા હૈ
કુછ કરકે દિખલાએંગે, આઝાદીકી...

## સ્વાગતગીત

**શબ્દરચના : શ્રી વિપુલ વ્યાસ** **સ્વરરચના : શ્રી મુકુંદ સાઠે**

સુસ્વાગતમ્ સુસ્વાગતમ્
ઉદીતમ્ પવનમ્ સુમનમ્ સુસ્વાગતમ
રૈના કે નૈન સજે સપનોં કે રંગ મેં

સંધ્યા પ્રભાત કો લિયે અપને સંગ મેં
સ્ખલિતમ્ કવનમ્ મધુરમ્ સુસ્વાગતમ્
સરગમ કી માલા હૈ સૂરોં કી ડોરી
ચંદા કા સ્વાગત કરે હૈ ચકોરી
પવનમ્ વહીતમ્ સુફલમ્ સુસ્વાગતમ્

•

ઘરઘર દીવડા પ્રગટાવો
રૂડાં તોરણિયાં બંધાવો
આ તો આવ્યો રે અવસર આનંદનો
................ગામમાં આવ્યા મહેમાન સૌ
સ્વાગત કરે નર-નારી મળી સૌ
સ્નેહી સ્વજન તેડાવો, આજે ફૂલડે વધાવો
આ તો આવ્યો રે અવસર આનંદનો...
ઘર ઘર...

•

ભાવથી આવો અમ આંગણિયે
સ્વીકારો સન્માન હૈયે... ભાવથી...
પુષ્પ સુગંધી માળા ગુંથાવું,
અમૃત જળથી છાંટા છંટાવું,
અમ અવસરીયે દીપ પ્રગટાવો...
સ્વીકારો સન્માન હૈયે... ભાવથી...
ઉર વીણાના તાર હું છેડું
ઢોલ મૃદંગથી તાલ વગાડું
કુમકુમ પગલાં પાડો દ્વારે...
સ્વીકારો સન્માન હૈયે... ભાવથી...

•

સ્નેહભર્યા સન્માન પધારો મોંઘેરા મહેમાન.
ભાવભર્યાં સન્માન સ્વીકારો સ્નેહભર્યા મહેમાન.
ઉજ્જવળ કીર્તિ ગીતો ગાતી
હૈયા હર્ષે અમ છલકાતી
પૂર્ણ કરો સન્માન સ્વીકારો સ્નેહભર્યા મહેમાન.
ભાવભર્યાં સન્માન સ્વીકારો સ્નેહભર્યા મહેમાન.

## લોકગીત

### ઝુલણ મોરલી...

ઝુલણ મોરલી વાગી રે રાજાના કુંવર !
હાલોને જોવા જાયે રે મોરલી વાગી રે... રાજાના...
બાયે બાજુબંધ બેરખા રાજાના કુંવર!
દસે આંગળિયે વેઢ રે મોરલી વાગી રે... રાજાના...
પગે રાઠોડી મોજડી રાજાના કુંવર !
ચાલે ચટકતી ચાલ રે મોરલી વાગી રે... રાજાના...
માથે મેવાડા મોળિયા રાજાના કુંવર !
કિનખાબી સુરવાલ રે મોરલી વાગી રે... રાજાના...
ચઢવા તે ઘોડો હંસલો રાજાના કુંવર !
પિત્તળિયા પલાણ રે મોરલી વાગી રે... રાજાના...

### સોનાનું ઝાંઝર

સોનાનું ઝાંઝર મારા સાયબે ઘડાવ્યું,
સોનાનું ઝાંઝર...
ઝાંઝરની ઝણ ઝીણી વાગે હો રાજ (2)
ઝાલાવાડી ઢોલ મારું ઝાંઝર રમે સે,
ઝાલાવાડી ઢોલ...
સોનાનું ઝાંઝર મારા સાયબે ઘડાવ્યું,
ઢોલે તે રમવા મેલ ભરવાડિયા,
ઢોલે તે રમવા...
હે કોણ રમે ને કોણ ભાળે હો રાજ
ઝાલાવાડી ઢોલ...
હાથમાં પહેરું રૂડી ચૂડલી ભરવાડિયા,
હાથમાં પહેરું
હે ઘુઘરીની ઝણ ઝીણી વાગે હો રાજ
ઝાલાવાડી ઢોલ...
પગમાં પહેરું રૂડાં કડલાં ભરવાડિયા
હે કાંબિયુંની ઝણ ઝીણી વાગે હો રાજ
ઝાલાવાડી ઢોલ...
સોનાનું ઝાંઝર

## શેરી વળાવી સજ્જ કરું

શેરી વળાવી સજ્જ કરું, ઘરે આવોને,
આંગણિયે વેરું ફૂલ, હરિ, ઘરે આવોને. ધ્રુવ
ઉતારા આપીશ ઓરડા, ઘરે આવોને,
દેશું દેશું મેડીના મો'લ, હરિ, ઘરે આવોને. – શેરી વળાવી૦
દાતણ આપીશ દાડમી, ઘરે આવોને,
કરેણી કાંબ જ દૈશ, હરિ, ઘરે આવોને. – શેરી વળાવી૦
નાવણ આપીશ કૂંડીયું, ઘરે આવોને,
નદીયુંનાં નીર જ દૈશ, હરિ, ઘરે આવોને. – શેરી વળાવી૦
ભોજન આપીશ લાપસી, ઘરે આવોને,
કઢિયેલાં દૂધ જ દૈશ, હરિ, ઘરે આવોને. – શેરી વળાવી૦
મુખવાસ આપીશ એલચી, ઘરે આવોને,
પાન બીડલાં દૈશ પચાસ, હરિ, ઘરે આવોને – શેરી વળાવી૦
રમત આપીશ સોગઠાં, ઘરે આવોને,
પાસાંની જોડ જ દૈશ, હરિ, ઘરે આવોને. – શેરી વળાવી૦
પોઢણ આપીશ ઢોલિયા, ઘરે આવોને,
હીંડોળા ખાટ જ દૈશ, હરિ, ઘરે આવોને.– શેરી વળાવી૦

## વાદલડી વરસી રે

વાદલડી વરસી રે, સરોવર છલી વળ્યાં.
સાસરિયામાં મ્હાલવું રે, પિયરીયામાં છૂટ થી રે,
મારા પગ કેરાં કડલાં રે, વીરો મારો લેવા હાલ્યો.
વીરા લઈને વહેલો (2) આવજે રે,
સાસરિયાં મારાં ઘેરે બેઠાં... વાદલડી...
મારા હાથ કેરો ચૂડલો રે, વીરો મારો લેવા હાલ્યો.
વીરા લઈને વહેલો (2) આવજે રે,
સાસરિયાં મારાં ઘેરે બેઠાં... વાદલડી...
સાસરિયાં મારાં ઘેરે બેઠાં... વાદલડી...
મારી ડોક કેરો હારલો રે, વીરો મારો લેવા હાલ્યો.
વીરા લઈને વહેલો (2) આવજે રે,
સાસરિયાં મારાં ઘેરે બેઠાં... વાદલડી...

મારા નાક કેરી નથણી રે, વીરો મારો લેવા હાલ્યો

વીરા લઈને વહેલો (2) આવજે રે,

સાસરિયાં મારાં ઘેરે બેઠાં.

વાદલડી વરસી રે સરોવર છલી વળ્યાં.

સાસરિયે જાવું રે, મહિયરિયે મહાલી રહ્યાં

## ગરબો/ગરબી

### ઘૂમતો ઘૂમતો જાય...

ઘૂમતો-ઘૂમતો જાય, આજ માનો ગરબો ઘૂમતો જાય.
પવન ઝપાટા ખાય, આજ માનો ગરબો ઘૂમતો જાય.
પહેલે તે ગરબે અંબેમા નીસર્યા,
લળી, લળી, ગરબા ગાય આજ માનો ગરબો ઘૂમતો જાય.
બીજે તે ગરબે બહુચરમા નીસર્યા
સાથે છે સખીઓનો સાથ, આજ માનો ગરબો ઘૂમતો જાય.
ત્રણેય ભુવનમાં ગરબાને જોતા,
દેવો હૈયે હરખાય, આજ માનો ગરબો ઘૂમતો જાય.
ગરબાને જોતા બાળકડા આજે
ગાંડા-ઘેલા થઈ જાય આજ માનો ગરબો ઘૂમતો જાય.
ગરબાને દીવડે સૂરજ ને ચંદ્ર,
અંબેમા ફરી-ફરી ગાય, આજ માનો ગરબો ઘૂમતો જાય.
ઘૂમતો ઘૂમતો જાય આજ માનો ગરબો ઘૂમતો જાય.
સામુદ્રિ માતા દ્વારે પધાર્યા, આશાપુરી માતા દ્વારે પધાર્યા
અભાગી ગુણલા ગાય, ભક્તજન ગરબા ગાય...

### હે આજ ગગનથી...

હે... આજ ગગનથી ચંદન ઢોળાય રે !
સૈયર મને આસોના ભણકારા થાય.
કોઈ આવતું ક્ષિતિજથી પરખાય રે !
આછા આછા ચાંદનીના ચમકારા થાય.
આસમાની ઓઢણીમાં તારલા ઝબૂકતાં

ગરબે રમવા બિરદાણી જગે પગ મૂકતાં,
માડી ગરબે રમે તાળીઓ વિંઝાય રે !
કંઠે-કંઠે કોયલના ટહુકા વરતાય (2)
આજ ગગનથી...
વાદળ વિખરાયા ને અજવાળા આવ્યા,
અવનીએ ગોખે-ગોખે દીવડા પ્રગટાવ્યા,
હે માના રથની ઘૂઘરીઓ સંભળાય રે !
રાતાં રાતાં કંકુનાં પગલાં પરખાય (2)
આજ ગગનથી...

## હું શું જાણું...

મુજમાં શું દીઠું !
હું શું જાણું જે વહાલે મુજમાં શું દીઠું !
વારે વારે સામું ભાળે મુખ લાગે મીઠું.
હું શું જાણું જે...
જળ ભરવા જાઉં ત્યારે પૂંઠે પૂંઠે આવે !
વગર બોલાવ્યો વહાલો બેડલું ચઢાવે.
હું શું જાણું જે...
વઢું ને તરછોડું તોયે રીસ ન લાવે !
કંઈ કંઈ મશે ઘેર આવીને બોલાવે.
હું શું જાણું જે...
દૂર થકી દેખી મને દોડ્યો દોટે આવે,
પોતાની માળા કહાડી, પહેરાવે નાખે મારી કોટે.
હું શું જાણું જે...
મને એકલડી દેખે ત્યાં મુને પાવલે રે લાગે,
રંક થઈ કાંઈ કાંઈ મારી પાસ માગે.
હું શું જાણું જે...
મને જ્યાં જ્યાં જતી જાણે ત્યાં એ આડો આવી ટૂંકે
બેની દયાનો પ્રીતમ મારી કેડ ન મૂકે !
હું શું જાણું જે...

**– દયારામ**

## રાસ

### વા વાયાને...

વા વાયા ને વાદળ ઊમટ્યાં (2)
ગોકુળમાં ટહુક્યાં મોર,
મળવા આવો સુંદીરવર શામળિયા
તમે મળવા તે ના આવો શા માટે... (2)
ના આવો તો નંદજીની આણ,
મળવા આવો સુંદીરવર શામળિયા... વા વાયા ને...
તમે ગોકુળમાં ગાયો ચારંતા (2)
તમે છો રે સદાયના ચોર,
મળવા આવો સુંદીરવર શામળિયા... વા વાયા ને...
તમે કાળી તે કામળી ઓઢંતા...(2)
તમે ભરવાડના ભાણેજ,
મળવા આવો સુંદીરવર શામળિયા... વા વાયાને...
તમે વનમાં તે વાંસળી વગાડતાં
તમે ગોપીઓના ચિત્તચોર,
મળવા આવો સુંદીરવર શામળિયા... વા વાયાને...

**– નરસિંહ મહેતા**

### અમે મહિયારા...

અમે મહિયારા રે ગોકુળ ગામના,
મારે મહી વેચવાને જાવા... મહિયારા રે...
માવડી જશોદાજી કાનજીને વારો
દુઃખડા દિયે હજારો નંદજીનો લાલો
હે..મારે દુઃખ સહેવાને કહેવા...મહિયારા રે...
મથુરાની વાટ મહી વેચવાને નીસરી
નટખટ એ નંદકુંવર માંગે છે દાણજી
હે... મારે દાણ દેવા ને લેવા... મહિયારા રે...
નરસિંહનો નંદકુંવર લાડકડો કાનજી
ઉતારે આતમથી ભવભવના ભારજી
હે...મારે નિર્મળ હૈડાંની વાત કહેવા...
મહિયારા રે ગોકુળ ગામના ... અમે મહિયારા...

**– નરસિંહ મહેતા**

## હો રંગરસિયા...

હો રંગરસિયા ક્યાં રમી આવ્યા રાસ જો,
આંખલડી રાતી ને ઉજાગરો ક્યાં રે કીધો (2)
આજ અમે ગ્યા'તા ડોસીડાને હાટ જો ... (2)
ચૂંદલડી મૂલવતાં રે વ્હાણલાં વહી ગયાં... હો રંગરસિયા...
આજ અમે ગ્યા'તા સોનીડાને હાટ જો (2)
આ ઝાલ ઝૂમણાં રે વહોરતાં વ્હાણલાં વહી ગયાં... હો રંગરસિયા...
આજ અમે ગ્યા'તા મોચીડાને હાટજો (2)
આ મોજડિયું રે મૂલવતાં, વ્હાણલાં વહી ગયાં... હો રંગરસિયા
આજ અમે ગ્યા'તા મણિયારાને હાટજો (2)
આ ચૂડલડો રે મૂલવતાં વ્હાણલાં વહી ગયાં... હો રંગરસિયા

## પ્રાર્થના

## ગીત : અમે નાના નાના બાળ

## સ્વરાંકન તાલ-કહરવા

| |
|---|
| ગ ગ |
| અ મે |
| 3 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| રે ગ | રે સા | સા – | રે – | સા ની̣ | – ની̣ | સારે | મ ગ |
| ના – | ના – | ના – | ના – | બા – | – ળ | સહુ | ભ ગ |
| × | 2 | 0 | 3 | × | 2 | 0 | 3 |
| રે – | – સા | સા – | પ પ | પ ધ | ધ પ | પ મ | મ – |
| વા – | – ન | ના – | અમે | હ સ | તા – | હ સ | તા – |
| × | 2 | 0 | 3 | × | 2 | 0 | 3 |
| પ ધ | ધ પ | પ મ | મ – | પ – | – મ | ગ – | ગ ગ |
| ગી – | તો – | ગા – | તા – | તા – | – ન | મા – | અ મે |
| × | 2 | 0 | 3 | × | 2 | 0 | 3 |
| ની̣ – | ની̣ ની̣ | સા – | સા – | સા રે | મ ગ | રે – | સા – |
| રો – | જ સ | વા – | રે – | સ્ના – | ન ક | રી – | ને – |
| × | 2 | 0 | 3 | × | 2 | 0 | 3 |
| ની̣ – | ની̣ ની̣ | સા – | સા – | સા રે | મ ગ | રે – | સા – |
| મા – | ત પિ | તા – | ને – | ન મ | ન ક | રી – | ને – |
| × | 2 | 0 | 3 | × | 2 | 0 | 3 |
| પ ધ | ધ પ | પ મ | મ – | પ – | – મ | ગ – | ગ ગ |
| ગુ રુ | ચ ર | ણો – | મા – | આ – | – વ | તા – | અ મે |
| × | 2 | 0 | 3 | × | 2 | 0 | 3 |

# સ્વરાંકન તાલ - કહરવા

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ- | પપ | મ– | ગ– | મ– | – મ | ગ– | સા- | ગ– | ગગ | સા– | ની– | સા | – | – | સા |
| પં- | દર | મી– | ઓ– | ગ– | –ષ્ટ | આ– | વી– | પં– | દર | મી– | ઓ– | ગ | – | – | ષ્ટ |
| × | | 0 | | × | | 0 | | × | | 0 | | × | | 0 | |
| પ– | પપ | નીની | ની– | નીસાં | સાંની | ની– | પ– | ગ– | ગગ | મ– | ની– | પ | – | – | પ |
| લો– | કરા | –જ | ને– | આં– | ગણ | આ– | વી– | પં– | દર | મી– | ઓ– | ગ | – | – | ષ્ટ |
| × | | 0 | | × | | 0 | | × | | 0 | | × | | 0 | |

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ– | ગ– | ગ– | ગ– | ગ– | મગ | સા– | ની | મ– | મ– | મ– | મગ | મપ | –પ | પ– | પ– |
| ગુ– | લા– | મી- | ના– | બં– | ધન | તો– | ડી– | આ– | ઝા– | દી– | ના– | ગા– | –ન | લા– | વી– |
| × | | 0 | | × | | 0 | | × | | 0 | | × | | 0 | |
| પપ | પપ | પની | નીની | નીસાં | સાંની | પમ | મ– | ગગ | –ગ | મ– | ની– | પ– | –પ | પ– | પ– |
| ઘર | ઘર | મા– | આ– | નં– | દજ | ગા– | વી– | સ્વતં | –ત્ર | તા– | નો– | દિ– | –ન | લા– | વી– |
| × | | 0 | | × | | 0 | | × | | 0 | | × | | 0 | |

## સ્વરાંકન તાલ - કહરવા (ઝડપી) (ઘોડા ગાડી)

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ | સા | રે | સા | ગ | સાસા | રે | સા | ગગ | ગ | મ | ધ | પ | – | – | પ |
| ચા | લો | ચા | લો | ભા | રત | વા | સી | થઈ | જા | ઓ | તૈ | યા | – | – | ર |
| × | | | 0 | × | | 0 | | × | | 0 | | × | | 0 | |
| પપ | મ | ગ | રે | સા | – | – | સા | ગગ | સાસા | રે | સા | ગ | સા | રેરે | સા |
| થઈ | જા | ઓ | તૈ | યા | – | – | ર | કમ | રક | સી | ને | ચા | લો | જઈ | એ |
| × | | 0 | | × | | 0 | | × | | 0 | | × | | 0 | |
| ગ | ગગ | મ | ધધ | પ | – | – | પ | પપ | મ | ગ | રે | સા | – | – | સા |
| પુ | ણ્યભૂ | મિ | પગ | થા | – | – | ર | થઈ | જા | ઓ | તૈ | યા | – | – | ર |
| × | | 0 | | × | | 0 | | × | | 0 | | × | | 0 | |

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સાં | સાંસાં | – સાં | સાં | નીની | ની | ધ | ધ | ગ | ગ | પ | સાં | ધ | – | – | ધ |
| લો | કશા | –હી | લો | લઈ | આ | વી | છે | લો | કો | મા | ટે | તા | – | – | જ |
| × | | 0 | | × | | 0 | | × | | 0 | | × | | 0 | |
| ગ | રે | ગ | ધ | પ | - | - | પ | સાં- | સાંસાં | સાં- | સાંસાં | ની- | -ની | ધધ | ધ- |
| લો | કો | મા | ટે | તા | – | – | જ | સા– | ચવ | જો– | સહુ | ધ– | –ર્મ | સમ | જી– |
| × | | 0 | | × | | 0 | | × | | 0 | | × | | 0 | |
| ગગ | –ગ | પ– | સાંસા | ધ | – | – | ધ | ગગ | – રે | ગ– | ધધ | પ | – | – | પ |
| સ્વાતં | ત્ર્ય | તા– | નોઅ | વા | – | – | જ | સ્વાતં | ત્ર્ય | તા– | નોઅ | વા | – | – | જ |
| × | | 0 | | × | | 0 | | × | | 0 | | × | | 0 | |
| પપ | મ | ગ | રે | સા | – | – | સા | | | | | | | | |
| થઈ | જા | ઓ | તૈ | યા | – | – | ર | | | | | | | | |
| × | | 0 | | × | | 0 | | | | | | | | | |

## સ્વાધ્યાય

**1. યોગ્ય ખાલી જગ્યા પૂરો :**

(1) પ્રાર્થના એટલે ...... પૂર્વકની વંદના.

(2) પ્રાર્થનામાં ...... અને ...... ભાવના કેળવાય છે.

(3) ભજન સાથે ઝડપથી ગવાતો ગીતપ્રકાર ...... છે.

(4) ધૂન મોટે ભાગે ...... તાલમાં ગવાય છે.

(5) ભજનમાં ...... અને ...... વાદ્યનો વધુ ઉપયોગ થાય છે.

(6) પર્યાવરણ અંગેના ગીતને ...... કહેવાય છે.

(7) મનુષ્યના જીવનને પ્રેરણા આપતાં ગીતને ...... કહે છે.

(8) દેશભક્તિનાં ગીતોમાં ...... અને ...... ની રજૂઆત થાય છે.

(9) સત્કાર માટે ગવાતા ગીતને ...... ગીત કહે છે.

**2. જોડકાં જોડો :**

| અ | બ |
|---|---|
| (1) લોકગીત | ભક્તિરસ |
| (2) ભજન | તળપદીભાષા |
| (3) ગરબા | દાંડિયા |
| (4) રાસ | સ્ત્રીપ્રધાન |
| (5) પ્રકૃતિગીત | પર્યાવરણ |

•